RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

સપ્ટેમ્બર - ઓક્ટોબર - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે,

આ લોચન મારાં કાનજી ને નજરું જુએ તે રાધા રે !






# આપણે અને સૌ સાથેની આપણી સાપેક્ષતા

**વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,**

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

સામાન્ય રીતે મન, વચન અને કર્મથી આપણા થકી જે જે થાય તેના કોઈને કોઈ પ્રકારના પ્રતિભાવ તો આવવાના જ. જેવો અવાજ એવો પડઘો, જેવો વિચાર એવો સંચાર. આપણે ભલે પોતાને સૌથી અલગ હોવાનું માનીએ, પરંતુ હરેક શ્વાસે, હરેક પલે આપણે સૌની સાથે હોઈએ જ છીએ. આપણાથી જે કંઈ વિચારાય, કરાય કે કહેવાય તેને આસપાસનાં સૌની સાથે કોઈને કોઈ રીતનું કશુંક તો લાગે વળગતું હોય છે જ. આપણો સૌની સાથે અવિનાભાવિસંબંધ હોઈ, આપણા વિશે વિચારતાં અનિવાર્યપણે આસપાસના અન્ય વિશેય વિચારવાનું બની આવે છે. તેથી જ સર્વથી નિરપેક્ષ થઈને આપણે રહી શકતા નથી. સૌ સાથેની આપણી સાપેક્ષતા સ્પષ્ટ છે.

આ સંસારમાં આવીને આપણે આપણી મરજી મુજબ, કોઈનીય પરવા કર્યા વિના, બેજવાબદારીથી વર્તી શકીએ નહિ, જેમ રસ્તો આપણા ચરણને, આપણી ચાલને નિયંત્રિત કરે છે તેમ આપણી આસપાસની સર્વ સૃષ્ટિ આપણને પણ નિયંત્રિત કરતી જ હોય છે. પારકાની જમીનમાં ખાડો કરી, આપણે આપણી જમીનની ઊંચાઈ વધારવામાં રચ્યાપચ્યાં રહીએ એમાં ન્યાય પણ નથી ને ધર્મ પણ નથી. આપણી સાચી ઊંચાઈ શીલસત્વ અને સદ્‌ગુણોએ કરીને સધાય, સત્તા, પાવર કે વગવિસ્તારથી નહીં. બહારની ઊંચાઈ તો પડછાયા જેવી હોય છે, સાંચી ઊંચાઈ અંદરની હોય છે. આપણે સદ્‌વિચાર ને સદાચરણમાં આપણી જાતને રોકેલી રાખીએ તો જ આપણો દુર્વ્યય થતો અટકે છે. આપણે આપણી ઊર્જા રચનાત્મક, સર્જનાત્મક, સકારાત્મક પરિણામો હાંસલ કરવામાં કેન્દ્રિત થાય તે જોવું રહ્યું. આપણે સૌનો સાથ, સૌની સફળતા અને સૌના સાચા સુખના નિમિત્ત બનીએ તો જ્ઞાતિગંગાની સેવાની આ યાત્રામાં આપણું હોવાપણું સાર્થક ગણાય.

કુદરત તરફ નજર ફેરવીએ ત્યારે સમજાય કે આ પ્રાણીજગત વાતાવરણ સાથે પોતાને કેવું અનુકૂળ કરી નાખે છે. કોઈની પણ ઈર્ષા કર્યા વગર, કોઈ પણ જાતની હરીફાઈમાં ઉતર્યા વગર આ વૃક્ષો કેવા પોતાની રીતે ફૂલે ફલે છે. તેમને કોણ શીખવતું હશે જીવનનો મર્મ અને ધર્મ ? આપણે માનવજાત આપણી બુદ્ધિમતાનું અભિમાન કરનાર, એમની પાસેથી આવી સહજતા ન શીખી શકીએ ? વિવેકભ્રષ્ટ અહંકાર બુદ્ધિના આવેગે દરિયાના મોજાંની જેમ ઊછળી ઊછળીને સ્વચ્છંદતા કે ઉદંડતાના ખડકો પર પછડાતા રહી ખંડિત થવાનું આપણે ટાળીએ અને સૌના થકી આપણે આપણી અખંડિતતાનો સભર અનુભવ પ્રાપ્ત કરીએ. ચાલો આપણા વાણી, વિચાર અને વર્તનમાં, સંવાદિતા પેદા થાય એવું કંઈક કરીએ. આ માટે આશાવાદી બનીએ, સહજ બનીએ, ક્ષમા માંગતા - આપતા શીખીએ, સાચા - સારા સંબંધો કેળવીએ. સાચા થવું ને સારા થવું એ જેમ આપણા પોતાના જ હાથમાં ને હિતમાં છે એમ સાચું કરવું ને સારું કરવું એ ય આપણા હાથમાં ને હિતમાં છે. ચાલો ત્યાગીને ભોગવીએ, આપીને પામીએ, ઠારીને ઠરીએ...

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 7
સપ્ટેમ્બર - ઓક્ટોબર - 2018
અંક : 80
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (હુબલીકટ)

માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઇટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 239

ઇમેઇલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| મધ્યસ્થ મહાસમિતિની બેઠકનો અહેવાલ | ૫ |
| હોદ્દેદારશ્રીની ચિંતન બેઠક | ૧૨ |
| કાર્યાલય સમાચાર | ૧૪ |
| વિભાગીય સમાચાર | ૧૫ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૭ |
| સંસ્થા સમાચાર | ૧૮ |
| શાબાશ રઘુવંશી | ૨૨ |
| જાહેર નિવેદન / ઠરાવ | ૨૩ |
| જાહેરાત : શ્રી ખીમજી ભગવાન આર. સી. ચી. ભાગવત અતિથિ ભવન | ૨૪ |

## શ્રદ્ધા સુમન



માતુશ્રી દમયંતીબેન ધીરજલાલ વિઠલાણી (સમાજશ્રેષ્ઠી અને દાતા શ્રી સતીષભાઈ વિઠલાણીના માતુશ્રી) નું ૧૮-૯-૨૦૧૮ ના રોજ દેહાવસાન થયેલ છે. સદ્ગતના આત્માને ચિર શાંતિ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ, ટ્રસ્ટી મંડળ, વરિષ્ઠ હોદ્દેદારો તથા સર્વે કારોબારી સભ્યો હૃદયપૂર્વકની ભાવાંજલિ અર્પણ કરે છે.

**તંત્રી સ્થાનેથી**

# વ્યક્તિ અને સમાજ : એક, નેક, વિવેક

વ્યક્તિ સમાજમાં જન્મે છે, સમાજમાં વિકાસ પામે છે અને તેનું હોવાપણું સમાજ થકી વજૂદ પ્રાપ્ત કરે છે. વ્યક્તિ ફક્ત જૈવ પિંડ નથી, બલ્કે સામાજીક - સાંસ્કૃતિક અસ્તિત્વ છે. વ્યક્તિનો જૈવીય વારસો એટલે કે શરીર, બંધારણ, રૂપરંગ વગેરે જેટલો મહત્ત્વનો છે, તેથી પણ વિશેષ સામાજીક વારસો મહત્ત્વનો છે. પશુ અને મનુષ્ય વચ્ચે સૌથી મોટો આ જ તફાવત છે. પશુ-પક્ષી કુદરતી પ્રેરણા અનુસાર જીવે છે, જ્યારે મનુષ્યે નીતિ-નિયમો બનાવ્યા છે. સમાજ અને સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. જે ટેવો યા વર્તન સમાજ અને વ્યક્તિને સુખી અને સંવાદી બનાવે છે, તેને આપણે 'મૂલ્ય' કહી શકીએ. વિશ્વવિખ્યાત ફિલસૂફ ડૉ. રાધાકૃષ્ણને સાચું જ કહ્યું છે : ''સમાજ અને સંસ્કૃતિનું નિર્માણ માત્ર યંત્રો દ્વારા થતું નથી, તેઓનું જતન મૂલ્યોના જતન દ્વારા થાય છે.''

જ્ઞાતિસંસ્થા એ વૈશ્વિક માનવસમાજનું એક નાનકડું ઘટક છે. ''Small is Beautiful'' એ ન્યાયે નાનકડા પરિસરમાં માણસને ખીલવાની અનેક તકો સાંપડી રહે છે. પોતાના સભ્યોની વિશેષતાને બિરદાવીને કે પુરસ્કૃત કરીને જ્ઞાતિ સંસ્થા એને આગળ વધવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. જ્ઞાતિમૈયાના ખોળામાં પાંગરેલું માનવ પુષ્પ આગળ જતા વિશ્વવાટિકાને મહેકાવે છે. તેનામાં એક (ઐક્ય), નેક અને વિવેકના સદગુણોની ઓળખ અને સિંચન થાય છે. વિવેક અને ઈચ્છા સ્વાતંત્ર્ય એ માનવમાત્રને મળેલા ઈશ્વરીય વરદાન છે. માણસ સાચું અને ખોટું, સારું અને ખરાબ શું છે, તે વિવેકથી સમજી શકે છે અને ઈચ્છા સ્વાતંત્ર્ય હોવાથી પોતાને યોગ્ય લાગે તે દિશામાં આગળ વધી શકે છે. પોતાના વિકાસ કે વિનાશ, પ્રગતિ કે અધોગતિ માટે માણસ પોતે જ જવાબદાર છે, પરંતુ આ પણ યાદ રાખવું જોઈએ કે પોતાના વંશમાં થયેલી યાદવાસ્થળીને ધ્યાનમાં રાખી ચંન્દ્રવંશી કૃષ્ણએ ગીતામાં કર્મયોગીઓ તરીકે સુર્યવંશીઓને બિરદાવ્યા છે. આ બાબત પર પ્રત્યેક રઘુવંશીઓએ મનન કરવા જેવું છે. ''સમાજમાં એકનું નહીં, પરંતુ ઐક્યનું મહત્ત્વ છે.'' એ વાત સૌને પોતાના વર્તનથી સમજાવીને સમાજને સંગઠીત અને એક રાખવાનું પ્રશસ્ય કાર્ય સમાજધુરિણોએ કરવાનું છે. જ્ઞાતિમૈયાની સેવામાં સૌની આહુતિઓ સ્વીકાર્ય જ નહીં પરંતુ આવશ્યક છે. ખભેખભા મીલાવીને કામ કરવાથી એક ને એક બે નહીં પરંતુ અગિયાર થાય છે : નકારાત્મક વિચારોનો સાથ છોડી, હકારાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓને હાથ આપવાથી મહાન અને દુષ્કર કાર્ય પણ સહજ અને સુકર બની જાય છે.

માનવ જાતને પુનિત બનાવતી જ્ઞાતિગંગાને મલિન ન બનાવતાં તેની પવિત્રતા તેમજ નિર્મલતાને આપણે સંપ,  ત્યાગ અને બલિદાનના સિંચનથી ટકાવીએ. શુભ વિચાર, શુભવાણી અને શુભ કાર્યની ધારણા રાખી શુભ ભાવમાં રહીએ. દરેક પ્રત્યેક શુભ કાર્યમાં - પરિવાર અને સમાજ સેવામાં નેક બનીને જોડાઈએ. ચાલો આપણે સૌ એક અને નેક થઈને ''લોભને સંતોષ થકી, માનને વિવેકથી, ઈર્ષ્યાને હર્ષથી મહાત કરવાની જાગૃતિ કેળવીએ.'' આપણા આ પ્રયત્નો તુરંત ફળ નહીં આપે પરંતુ તે નિષ્ફળ નહીં જાય તેવો વિશ્વાસ જરૂર રાખીએ.

**અંતમાં : स्वस्ति पन्थामनु चरेम सूर्यायचन्द्रमसाविव ।**

**पुनर्ददताघ्नता जानता सं गमेमहि ॥**

અર્થાત્ : સૂર્ય અને ચંન્દ્રની જેમ અમે શુભ માર્ગોના અનુગામી થઈએ. નિરંતર દાનશીલ, જ્ઞાનથી યુક્ત બનીને પરસ્પર વૈમનસ્ય કે હિંસા રહિત થઈ, અમે સાથે ગમન કરીએ.

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના

## આગોતરી જાણ : કારોબારી સમિતિની બેઠક

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન ટર્મની આઠમી કારોબારી સમિતિની બેઠક તા. ૨૩-૧૨-૨૦૧૮ ના રોજ શ્રી રઘુવંશી લોહાણા સમાજ, ડીસાના યજમાનપદે ડીસા મુકામે મળશે. તમામ કારોબારી તથા આમંત્રિત સભ્યોને સમયનાસુર એજન્ડા ઈમેલથી મોકલી આપવામાં આવશે. કારોબારી સમિતિની સાથે સાથે વર્ષ ૨૦૧૮ ના આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહનું પણ આયોજન ડીસા મુકામે કરવામાં આવશે. ગૌરવશાળી પ્રતિભાઓ આ અંગે પોતાનું નોમિનેશન સમય મર્યાદામાં કરી શકશે. નોમિનેશન ફોર્મ તથા અન્ય જરૂરી માહિતી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

# શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ મહાસમિતિની બેઠક કર્ણાવતી ક્લબ અમદાવાદ મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન : શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાનો સર્વાનુમતે અસ્વીકાર



સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સર્વોચ્ચ સભા એટલે કે મધ્યસ્થ મહાસમિતિની બેઠક તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે ગોલ્ડન ગ્લોરી હોલ, કર્ણાવતી ક્લબ, અમદાવાદ મુકામે ઐતિહાસિક યાદગીરી સાથે અમદાવાદના પાંચ મહાજનશ્રીઓ શ્રી અમદાવાદ (હા.ઘો.ક.) લોહાણા મહાજન (પ્રમુખ, શ્રી અશોકભાઈ ગઢિયા), શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન (પ્રમુખ, શ્રી વિનોદભાઈ ઠક્કર), શ્રી થરપારકર લોહાણા મહાજન અમદાવાદ (પ્રમુખ, શ્રી જશવંતભાઈ તન્ના), શ્રી કચ્છી લોહાણા સમાજ અમદાવાદ (પ્રમુખ શ્રી કીર્તિભાઈ બારૂ), શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ (પ્રમુખ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર)ના સંયુક્ત યજમાન પદે અત્યંત સફળતાપૂર્વક યોજાઈ. વિશ્વભરના મહાજનશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ તથા સ્થાનિક સેવાભાવી સભ્યોએ સમાજની એકતા અને સંગઠનના અભૂતપૂર્વ દર્શન કરાવ્યા.


નિર્ધારિત સમયસારણી પ્રમાણે સવારે ૧૦.૧૦ કલાકે પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા મહંત શ્રી જાનકીદાસજી બાપુ તેમજ યજમાન મહાજનશ્રીના પ્રમુખશ્રીઓ, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી નવીનચંદ્ર રવાણી, શ્રી પ્રતાપભાઈ દત્તાણી તથા અન્ય શ્રેષ્ઠીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘોષકશ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ સૌ મહાનુભાવોને મંચસ્થ થવા વિનંતી કરી. અલ્પાહાર અને રજિસ્ટ્રેશનનો ક્રમ પૂર્ણ થયે માતૃસંસ્થાના હોદ્દેદારો, સમાજશ્રેષ્ઠીઓ તથા દાતાશ્રીઓ, પ્રેસ અને મિડિયાના જ્ઞાતિ સાથે સંકળાયેલા સભ્યો તેમજ મધ્યસ્થ મહાસમિતિના અને આમંત્રિત સભ્યોની અલગ અલગ સુનિશ્ચિત કરાયેલી બેઠક વ્યવસ્થા પ્રમાણે સૌ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. રઘુવંશી ધ્વજવંદન ગીતથી વાતાવરણને દિવ્યતા બક્ષી મીટિંગની વિધિવત્ શરૂઆત થઈ. પૂ.જાનકીદાસજી બાપુનું શાલ અને ખેસ દ્વારા શ્રી પ્રવિણભાઈ કોટક તેમજ શ્રી યોગેશભાઈ લાખાણી દ્વારા સન્માન અને વંદના અર્પણ

















કરાયેલ. માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કરતા સૌ પ્રથમ શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાના પગલે આ સભાના સભા પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ લાખાણીના નામનું સૂચન કરી સભાની રજા માગતા સભાએ રાજીપા સાથે મંજૂરી આપી. આ સભાના પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ લાખાણીને જાહેર કર્યા હતા. શ્રી ઉમંગભાઈ ઠક્કરે દેશ-વિદેશથી પધારેલા મહાજન અગ્રણીઓ તથા સભ્યોને મીઠો આવકાર આપ્યો હતો અને પાંચેય મહાજનોએ સાથે મળી અમદાવાદ નગરની એકતાના દર્શન કરાવી યજમાનપદ શોભાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. એજન્ડા અનુસાર તા. ૯ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ ઉત્તર પૂર્વ વિભાગના યજમાન પદે કોલકત્તા મુકામે મળેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકનું વાંચન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરી સભાની બહાલી મળતાં મિનિટ્સ પર સભા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીના હસ્તાક્ષર મેળવ્યા હતા. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થયેલ વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો વિસ્તારપૂર્વક અહેવાલ રજૂ કરી મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સભાનું અભિવાદન મેળવ્યું હતું. શ્રી હિમાંશુભાઈ ઠક્કરે માતૃસંસ્થાની સમગ્ર ટીમની કટિબધ્ધતા, ઉદારતા અને એકબીજા પર મુકાયેલ વિશ્વાસ બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. એજન્ડા અનુસાર માતૃસંસ્થાના ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટે ખજાનચીશ્રીઓ હિંમતભાઈ કોટક તથા શ્રી નીતીનભાઈ પાંધીની સાથે રહી છેલ્લા ત્રણ વર્ષના અલગ અલગ પ્રકલ્પો પર સત્કર્મોમાં ઉપયોગ થયેલ નાણાંની આવક-જાવકનો હિસાબ વિગતે રજૂ કરી સભાનું પ્રોત્સાહન મેળવ્યું હતું. પોતાની રજુઆતમાં તેમણે જણાવ્યું હતું કે, દાતાશ્રીઓના સુંદર સહયોગથી શ્રી યોગેશભાઈ લાખાણીએ લાખો રૂપિયા સેવામાં ઉપયોગ કર્યા બાદ પણ ૩,૫૩,૦૦,૧૬૩/- રૂા.ની ફિક્સ રકમ શ્રી પ્રવિણભાઈ કોટકને વારસામાં આપેલ જેને ગત્ ૩ વર્ષમાં શ્રી પ્રવિણભાઈ કોટકે કુલ ૮,૮૬,૨૮,૮૬૧/- ની રકમ વિવિધ સેવાકીય કાર્યોમાં ખર્ચ કર્યા બાદ માતૃસંસ્થાની કુલ બચત ૭,૧૧,૦૦,૦૪૫/- સુધી પહોંચાડી છે જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી તમામ દાતાશ્રીઓના જાહેર થયેલા નામો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. માતૃસંસ્થાના આ ભગીરથ સેવા સહયોગમાં ગત ત્રણ વર્ષમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ - મુંબઈ, શ્રી કે. સી. ઠક્કર, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી વિપુલભાઈ પૂજારા દ્વારા માતબર રકમના આર્થિક સહયોગ તેમજ રૂા. ૫,૦૦,૦૦૦/- ના અનુદાનથી આ સેવાકાર્યોને વણથંભી રાખતા દાતાશ્રીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. માતૃસંસ્થા શ્રી લોહાણા









મહાપરિષદનો તમામ નાણાંકીય વહીવટ સંપૂર્ણ પારદર્શક રીતે નિયમિત રીતે યોજાતી કારોબારી સમિતિ, મધ્યસ્થ મહાસમિતિ તેમજ ટ્રસ્ટ બોર્ડની મીટિંગોમાં રજૂ કરી સમર્થન મેળવવામાં આવે છે. આમ છતાં કોઈ પણ દાતા કે શ્રેષ્ઠીને કોઈ પણ શંકા હોય તો ગમે ત્યારે માતૃસંસ્થાના કાર્યાલય પર આવી એફ.ડી. કે કાગળો જોઈ શકે છે તેમ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું અને સાથે ઉમેર્યું હતું કે માતૃસંસ્થાના કાર્યાલયના સંચાલનમાં કુલ ૪ કર્મચારીઓ છે જેમની પગારની ટોટલ રકમ રૂા. ૫૦,૦૦૦/- થી પણ ઓછી થાય છે અને આ પેટે દર માસે રૂા. ૨૫,૦૦૦/- નો આર્થિક સહયોગ શ્રી સતીષભાઈ વિઠલાણી તરફથી પ્રાપ્ત થાય છે. આ સિવાય ઓફિસના વીજળી બીલ સહિતના અન્ય તમામ જરૂરી ખર્ચ શ્રી પ્રવિણભાઈ કોટક તથા ઇસ્કોન પરિવાર તરફથી સૌજન્ય સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે જેને સભાએ નોંધ લઈ આ ઉદારતાને બિરદાવી હતી.




એજન્ડા અનુસાર ભાગવત વિદ્યાપીઠ સંકુલ મુકામે નવીનીકરણ પામેલ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતન અંગે સમાજશ્રેષ્ઠી શ્રી સતીષભાઈ વિઠલાણીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતા અમદાવાદ મુકામે થયેલા ભગીરથ કાર્ય બદલ શ્રી પ્રવિણભાઈ કોટકને અભિનંદન પાઠવ્યા હતા અને પોતે જે કંઈ પણ કરી શક્યા છે તે શ્રધ્ધેય શ્રી ખીમજી બાપાના આશીર્વાદ છે અને પોતે નિમિત માત્ર છે તેમ જણાવ્યું હતું. આગળના ભવિષ્યમાં હજી પણ આ પ્રોજેક્ટમાં વધુ ને વધુ વિકાસ કરવા માટે તેમણે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.






એજન્ડા અનુસાર શ્રી પ્રવિણભાઈ કોટકના આવેલ રાજીનામા અંગે સભા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતા ઉપસ્થિત તમામ સભ્યોમાં એક જાણે અનેરી ચેતનાનો સંચાર થયો હોય તેવું વાતાવરણ ઊભું થયું હતું. તન, મન અને ધન એમ સર્વ પ્રકારે સહયોગ આપ્યા બાદ જો માનસિક વ્યથાનો ભોગ બનવાનું આવે તો તેની પરાકાષ્ઠાનું સ્વરૂપ વ્યક્તિગત રીતે આત્મહત્યા હોય અને સંસ્થાકીય હોય તો એ રાજીનામાના સ્વરૂપે પ્રસ્તુત થાય જે માનવસહજ છે. રક્ષણ અને સંરક્ષણ એ નિર્બળ અને દુર્બળ નહીં પરંતુ સશક્ત વ્યક્તિ અને સંસ્થાનું જ કરવાનું હોય તેમ જણાવતા શ્રી યોગેશભાઈ લાખાણીએ ઉદાહરણો દ્વારા સૌને માતૃસંસ્થાના પ્રમુખની ગરિમાનું રક્ષણ એ આપણા સૌની સામૂહિક જવાબદારી ગણાવી પોતાની પ્રગલ્લભ વાણીથી સૌને અભિભૂત કર્યા હતા. શ્રી યોગેશભાઈએ ચિંતાને ચિતા સમાન ગણાવી ચિંતા કોની કરવાની હોય અને કેવા વિષયની કરવાની હોય તે પણ મનુસ્મૃતિના ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું. શ્રી યોગેશભાઈ લાખાણીએ માતૃસંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના તમામ ઑડિટેડ હિસાબો પણ આગળના દિવસે મળેલ ટ્રસ્ટ મંડળની બેઠકમાં નિર્ણય લેવાયા મુજબ માતૃસંસ્થાની વેબસાઈટ પર અપલોડ કરવાની જાહેરાત કરી હતી. માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણીએ આવી પરિસ્થિતિના તમામ પાસાઓ અંગે રજુઆત કર્યા બાદ સભાની લાગણીઓ સાંભળવા માટે મંચ ખૂલ્લો મુકયો હતો અને ઓપન સેશનમાં મંચસ્થ અને સભાખંડમાં ઉપસ્થિત સભ્યોએ પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે આમંત્રણ આપ્યું હતું. સૌ પ્રથમ સમાજશ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ પણ પ્રભાવી શૈલીમાં પોતાની વાત મૂકી સભાનું સમર્થન મેળવ્યું હતું અને શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાનો અસ્વીકાર ત્યારબાદ શ્રી પ્રવિણભાઈ કોટકનું રાજીનામું પાછું ખેંચવા અંગેનો અને ત્યારબાદ કોઈ પણ પ્રકારના સમાજની એકતા અને સંગઠનને ખંડિત કરતા દૂષણો સામે પગલાં લેવા માટેનો



ઠરાવ આ સભામાં રજૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.


સમાજશ્રેષ્ઠી શ્રી નવીનચંદ્ર રવાણીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાને સમાજ માટે એક મોટો આઘાત જણાવી પોતાનું રાજીનામું પાછું ખેંચવા ધારદાર અપીલ કરી હતી. શ્રી રવાણી સાહેબે જણાવ્યું હતું કે, અવગણનાથી કોઈ મોટું અપમાન નથી. કોઈ પણ પ્રકારના નકારાત્મક સમાચારો કોઈ પણ માધ્યમથી આપણા સુધી પહોંચે તેને ઈગ્નોર કરવા જોઈએ અને તે બિલકુલ મહત્ત્વ જ ન આપવું જોઈએ. શ્રી રવાણી સાહેબની આ વાતને સભાએ તાળીઓથી સમર્થન આપ્યું હતું. ત્યારબાદ શ્રી પ્રતાપભાઈ દત્તાણીએ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરી માતૃસંસ્થાને મજબૂત બનાવવા શ્રી પ્રવિણભાઈ કોટકને અપીલ કરી હતી. સાથે સાથે શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટક માટે મનનો આક્રોશ જાહેરમાં વ્યક્ત કરતા વિધવા સહાય માટે પોતાના પરિવાર / પોતાના વિસ્તારના શુભેચ્છકો દ્વારા માતબર રકમના ફંડ જમા કરાવાયેલ હોવા છતાં થઈ રહેલ મનઘડંત આક્ષેપો બદલ દાતાશ્રીઓની ભાવનાને ઠેસ પહોંચતી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી પોપટલાલ અખાણી, શ્રી પ્રવિણબાપા, શ્રી ઠાકોરભાઈ ઠક્કર, સુ શ્રી ડૉ.નિમાબેન આચાર્ય, શ્રી ગીરીશભાઈ કોટેચા, યજમાન મહાજનો વતી શ્રી વિનોદભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ કોટકના પરિવાર વતી શ્રી જયેશભાઈ કોટક, શ્રી જીતુભાઈ લાલ, આફ્રિકાથી ખાસ પધારેલા શ્રી નવીનભાઈ કાનાબાર, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી હિમ્મતભાઈ સોમૈયા, શ્રી દિગ્વિજયભાઈ કાપડીયા, શ્રી શંકરભાઈ કતીરા, શ્રી ચંદુભાઈ મારફતીયા, શ્રી બીપીનભાઈ ગણાત્રા વિગેરે સભ્યોએ પોતાની લાગણીઓ એક સૂરમાં વ્યક્ત કરી હતી. શ્રી ગીરીશભાઈ કોટેચાએ સમાજનું અહિત કરતા તત્ત્વો સાથે કોઈ પણ પ્રકારના આર્થિક કે સામાજિક વ્યવહાર ન કરવા અનુરોધ કરી સભાનું સમર્થન મેળવ્યું હતું. શ્રી સતીષભાઈ વિઠલાણીએ શ્રી પ્રવિણભાઈ કોટક અને ટીમ દ્વારા જે અભૂતપૂર્વ કામ થઈ રહ્યું છે તેને સમાજની ઉપલબ્ધિ ગણાવી હતી.શ્રી સતીષભાઈએ દાતાઓ ઉપરાંત સમયનું મહત્ત્વ સમજાવી સમયદાનીઓને પણ વંદન કર્યા હતા અને જણાવ્યું હતું કે, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર સવાર થી રાત સુધી પોતાની રોજની પ્રોફેશનલ પ્રેક્ટિસ છોડી છેલ્લા ત્રણ વર્ષથી સતત સેવાની નોંધ લઈ તેના મૂલ્યાંકનનો દાખલો આપી પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીની પ્રેક્ટિસનો દાખલો આપ્યો હતો તથા શ્રી યોગેશભાઈ લાખાણીના કાર્યકાળ દરમિયાન થયેલી ઐતિહાસિક બાબતોનો ઉલ્લેખ કરી તેમની સેવાઓની નોંધ લીધી હતી.

શ્રી ભાવેશભાઈ લાખાણીએ સમાજની ગરિમાને લાંછન લગાડતા તત્ત્વોને ખૂલ્લા પાડી સામાજિક બહિષ્કાર  કરવા અપીલ કરી







હતી. અખિલ ગુજરાતના લોહાણા સમાજના પૂર્વ પ્રમુખ અને માતૃસંસ્થાના ગુજરાત વિભાગના ઉપપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે પણ અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યશૈલી અંગે ચિંતા વ્યક્ત કરી દુઃખની લાગણીઓ વ્યક્ત કરી હતી. સાથે સાથે તાલાલાના શ્રી યોગેશભાઈ ઉનડકટે માતૃસંસ્થાની ગરિમાને ઝાંખપ લગાવવાનો પ્રયત્નમાં ક્યાંક ને ક્યાંક રાજકોટ લોહાણા મહાજનની સ્થાનિક ચૂંટણીના કારણો અને ગેરમાર્ગે દોરાતા પત્રકારોને પણ જવાબદાર ઠેરવ્યા હતા. શ્રી યોગેશભાઈ ઉનડકટે અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થિતિ અંગે વેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વ્યક્તિગત રીતે મન ફાવે તેમ નિર્ણયો લઈ હોદ્દેદારોનો વિશ્વાસ સંપાદન કરવામાં નેતૃત્વની નિષ્ફળતા જણાવી બે વર્ષ સુધીમાં કારોબારીનું પણ આયોજન ન થઈ શક્યું અને પોતે વિધવા સહાય યોજના માટે ઘર, મકાન વેચી કે પોતાના દ્વારા પણ કરોડો રૂપિયાનું દાન આપવાની ગુલબાંગો પોકારતા પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટક બે વર્ષમાં રૂા. ૫૦૦ જેવી નાની રકમના ચેક પણ વિધવા બહેનોને સમયસર પહોંચાડી શક્યા નથી અને છેલ્લે તો પાંચ માસ પછી ૫૦૦ રૂપિયાના ચેક મોકલાવી શક્યા છે તેનું દુઃખ પણ વ્યક્ત કર્યું હતું. શ્રી યોગેશભાઈ ઉનડકટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી યોજના શરૂ કરતાં પહેલાં મળેલા માર્ગદર્શનને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી અખિલ ગુજરાત લોહાણા સમાજને વિધવા સહાયના નામે સંસ્થાની સભ્યપદ કોઈ પણ પ્રકારની જનરલ મીટિંગમાં મંજૂરી કે સભાની બહાલી મેળવ્યા વગર રૂા. ૫૧૧૨/- અને ત્યારબાદ જનસમર્થન ન મળતાં અન્ય ઓછી રકમોની વ્યક્તિગત જાહેરાત કરી મેમ્બરશિપ વેચાતી કરી ગુજરાતભરની સંસ્થા અને મહાજનોનો વિશ્વાસ તોડી જૂજ વ્યક્તિઓની સંસ્થા બનાવી દીધી હોવાનો આક્ષેપ મૂક્યો હતો. કોઈ પણ સંસ્થાના પ્રમુખ પોતાના કાર્યકાળના સભ્યો બનાવી શકે પણ એક પ્રમુખ કોઈ પણ સભ્યને આજીવન સભ્યપદ કેવી રીતે આપી શકે ? તેવી પણ રજૂઆત કરી શ્રી ધનવાનભાઈ કોટકની પોતાની પ્રમુખ તરીકેની વરણી અંગે પણ પ્રશ્નાર્થ ચિન્હ વ્યક્ત કરી વરણી સમિતિની કોઈ આવી બેઠક મળી હોય અને સર્વાનુમતે નિર્ણય લેવાયો હોય તો શ્રી ધનવાનભાઈ કોટકને પોતાની પાસેથી વરણી સમિતિનો પત્ર જાહેર કરવા પણશ્રી

















યોગેશભાઈ ઉનડકટે પડકાર ફેંક્યો હતો. વર્ષોથી અખિલ ગુજરાત લોહાણા સમાજની સેવા કરતા શ્રી ભગવાનદાસ બંધુએ પણ સંસ્થાની કાર્યશૈલી અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી વિવાદોમાં ન પડવા પોતે અને બીજા પણ અનેક વરિષ્ઠ હોદ્દેદારો સંસ્થામાંથી નિષ્ક્રિય થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે શ્રી બંધુએ અખિલ ગુજરાત લોહાણા સમાજ પ્રત્યેનો પોતાનો સંસ્થા પ્રેમ અકબંધ હોવાનું જણાવી આ સંસ્થાને જ્યારે યોગ્ય નેતૃત્વ પ્રાપ્ત થશે ત્યારે પોતાની સેવા ચોક્કસ ચાલુ રાખશે તેવી વિશ્વાસ પણ સભાને આપ્યો હતો.

અત્રે આટલી સુંદર જનમેદની અને લગભગ ૬૦૦થી પણ વધારે સભ્યોની ઉપસ્થિતિમાં શ્રી બંધુએ માતૃસંસ્થાની કાર્યપ્રવૃત્તિઓ બદલ શ્રી પ્રવિણભાઈ કોટક અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને દર ૬ માસે નિયમિત રીતે યોજાતી કારોબારી સમિતિની બેઠકના દોરમાં આગામી કારોબારી સમિતિની બેઠક ડીસા મુકામે યોજવા પ્રમુખ શ્રી રજનીભાઈ ઠક્કર અને સમગ્ર ટીમ વતી ટીમના સભ્યોને પણ મંચ પાસે બોલાવી માતૃસંસ્થાને નિવેદન કર્યું હતું જેને શિર્ષ હોદ્દેદારો દ્વારા સમર્થન મળતાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આગામી કારોબારી સમિતિની બેઠક ડીસા મુકામે યોજાશે તેવી જાહેરાત કરી ઉત્તર ગુજરાત અને ડીસાની ટીમનો ઉત્સાહ વધાર્યો હતો. લગભગ ૩.૦૦ વાગ્યા જેટલો સમય થઈ ગયો હોવા છતાં સૌ સભ્યોએ ધૈર્યના દર્શન કરાવ્યા હતા. સમયની મર્યાદાને ધ્યાનમાં રાખી સમાવિષ્ટ કરી શકાય તેટલા સભ્યોની રજૂઆતોના નિષ્કર્ષ રૂપે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ આકરા શબ્દોમાં ઠરાવના શબ્દોનું સભામાં વાંચન કર્યું હતું જેને સભાનું જોરદાર સમર્થન પ્રાપ્ત થયું હતું. ઠરાવ પસાર કર્યા બાદ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ પોતાની વ્યથા અને વેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે હું વ્યક્તિગત રીતે કે મારા સંબંધો કે ઓળખાણનો ઉપયોગ કરી કે કોઈના દબાણમાં આવી કોઈના રાજીનામા લેવા પડે તે ક્યારેય સહનીય ન હોય અને ભવિષ્યમાં આવનારા પ્રમુખોને પણ આવી કોઈ વ્યથાઓમાંથી પસાર ન થવું પડે તે માટે ચિંતા વ્યક્ત કરી અને સભાને યોગ્ય કરવા વિનંતી કરી હતી. શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાની માતાના સોગંદ ખાઈ પ્રમુખ તરીકેના હોદ્દા પર ચાલુ રહેવા માટેની લેશમાત્ર પણ ઈચ્છા ન હોવાનું જણાવ્યું પરંતુ વિશ્વભરના મહાજનોના પત્રો સોશિયલ મિડિયામાં અને ઈમેલ પર આવેલા સેંકડો સંદેશાઓ અને આજની સભાની હાજરી અને




જનસમર્થને મને મારો નિર્ણય બદલવા મજબૂર કર્યો છે અને મારી અનિચ્છા ઉપર સમગ્ર સમાજના પ્રેમનો વિજય ગણાવી પોતે સભાની લાગણીઓનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. પૂ.જાનકીદાસજી બાપુએ પણ શ્રી પ્રવિણભાઈ કોટકને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વચન આપતા રામાયણના પ્રસંગનો ઉલ્લેખ કરી રામજી અને ભરતનો ગાદી અને વનવાસનો પ્રસંગ સુપેરે વર્ણવી શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ટીમને પૂ.ભાણસાહેબના આશીર્વાદ આપ્યા હતા.

આગળના એજન્ડા તરફ આગળ વધતાં સભા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ વિનંતી કરતા આગળનો એજન્ડા શ્રી પ્રવિણભાઈ કોટકના પ્રમુખસ્થાને જ લેવાય તેવી જાહેરાત કરતા શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતું કે, દર બે વર્ષે યોજાતી મધ્યસ્થ મહાસમિતિની બેઠક પ્રમાણે મારા પ્રમુખકાળની આ અંતિમ મધ્યસ્થ મહાસમિતિની બેઠક હોવાથી બંધારણના નિર્દેશ અનુસાર આગામી પ્રમુખની વરણી માટે વરણી સમિતિની રચના મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં કરવાની હોય છે તો તે માટે છેલ્લા ૧૫ દિવસમાં દરેક વિભાગના ઉપપ્રમુખશ્રીઓ સાથે અને સમાજશ્રેષ્ઠીઓ સાથે વિચારવિમર્શ કરી તેમનો સૂઝાવ લઈ બંધારણમાં સુનિશ્ચિત કરાયેલ હોદ્દાની રૂએ વરણી સમિતિમાં સ્થાન પામતા સભ્યો સિવાયના સમાજશ્રેષ્ઠીઓના નામોની જાહેરાત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની વિનંતીથી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ કરી હતી અને સભાની બહાલી મેળવી હતી. ત્યારબાદ આ બેઠકનું સુંદર આયોજન અને સંકલન કરવા બદલ પાંચેય મહાજનશ્રીઓને પૂ.જાનકીદાસજી બાપુ તથા શિર્ષ હોદ્દેદારો દ્વારા મેમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. બેઠકના સમાપન તરફ આગળ વધતાં મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ આભારદર્શન કર્યું હતું અને આ બેઠકને યાદગાર અને અભૂતપૂર્વ બનાવવા બદલ હૉલની વ્યવસ્થામાં આખી રાત સક્રિય રહી શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી ભરતભાઈ માવાણી તથા અતિથિઓની સરભરામાં શ્રી અજયભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી ભવાનભાઈ કોટક અને તન, મન અને ધનથી સહયોગી બનનાર સભ્યો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. માતૃસંસ્થાના આમંત્રણને માન આપી પ્રેસ અને મિડિયા વિભાગના જ્ઞાતિ સાથે સંકળાયેલા સંચાલકો, પ્રકાશકો તથા તંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ સોશિયલ મિડિયાના માધ્યમથી ફક્ત નકારાત્મક અને ગેરમાર્ગે દોરનારા સમાચારો પ્રકાશિત કરી રઘુવંશી સમાજની ગરિમાને લાંછન લગાડતા પ્રેસ અને મિડિયાના જૂજ સભ્યો કોઈ પણ વિષય કે ખુલાસા માટે રજૂઆત કરી શકે તેવા આશયથી આમંત્રણ અપાયું હોવા છતાં ગેરહાજર રહી તેમના ઉદ્દેશ અને ઈરાદાઓ સ્પષ્ટ કરી દીધા હતા. લગભગ સાંજે ૪.૪૫ કલાકે મીટિંગ પૂર્ણ થયેલ જાહેર થયા બાદ સૌ સભ્યોએ ભોજન પ્રસાદ આરોગી પોતપોતાના ગંતવ્ય સ્થાન પર જવા રવાના થયા હતા.



- મધ્યસ્થ કાર્યાલય



# માતૃસંસ્થાના હોદ્દેદારોની ચિંતન બેઠક માઁ વૈષ્ણોદેવી ધામ, કટરા મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન

તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ હોદ્દેદારોની ચિંતન બેઠક, હોટલ દેવી ગ્રાન્ડ, કટરા ખાતે અત્યંત સફળતાપૂર્વક યોજાઈ. રઘુવંશી ધ્વજવંદન ગીતથી શરૂ થયેલ આ બેઠકના યજમાન અને શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ, યાત્રા-પ્રવાસન સમિતિની અધ્યક્ષ શ્રી નીતીનભાઈ ઠક્કરે સુંદર સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને વિશેષમાં ત્રણ દિવસ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની ઉપસ્થિતિ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી નીતીનભાઈએ નિખાલસભાવે જણાવ્યું હતું કે, માતૃસંસ્થા દ્વારા મને મળેલી જવાબદારીના ભાગરૂપે મેં ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે મારી ભાગીદારી નોંધાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે અને ભવિષ્યમાં પણ યાત્રા-પ્રવાસન સમિતિ દ્વારા જે પણ કંઈ કાર્યો કરવા યોગ્ય લાગશે તે માટે હું હંમેશા તત્પર રહીશ.

એજન્ડા અનુસાર દરેક વિભાગના ઉપપ્રમુખશ્રીએ પોતપોતાના કાર્યક્ષેત્રમાં આવેલા મહાજનો સાથે સતત સંવાદ અને માતૃસંસ્થા સાથે મહાજનશ્રીઓનું જોડાણ વધુ ગાઢ બને તેમજ મહાજનશ્રીઓ થકી જ માતૃસંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ તમામ જરૂરીયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે યોગ્ય રીતે સંકલન કરવાનું સુનિશ્ચિત કરાયું હતું. અત્રે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, લગભગ ૧૦૦ જેટલા મહાજનો સ્કોલરશીપ તેમજ ઉચ્ચ શિક્ષણ માટે અપાતી શિક્ષણ સહાય તેમજ આરોગ્ય સહાયથી જરૂરિયાતમંદ પરિવારોને માતૃસંસ્થા દ્વારા લાભાન્વિત કરી રહ્યા છે. આ ઉપરાંત કોઈમ્બતુર મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં મહાજનશ્રીઓને ટોકન ભાવે મેડિકલ કીટ આપવાની યોજનાનો પણ મહાજનશ્રીઓ દ્વારા સદ્‌ઉપયોગ થઈ રહ્યો છે. વધુમાં રાજકોટ મુકામે મા કાર્ડ તથા મા અમૃતમ્ યોજનાથી લગભગ ૩ હજારથી પણ વધુ પરિવારોને લાભાન્વિત કરાયા હોવાનો મહાજન પ્રમુખ સુ શ્રી કાશ્મીરાબેન નથવાણીએ જણાવેલ. સામાજિક સુરક્ષા સમિતિના અધ્યક્ષ શ્રી નટુભાઈ આચાર્યએ પણ કલકત્તા મુકામે યોજાયેલ બેઠકમાં સુનિશ્ચિત કરાયા મુજબ પ્રધાનમંત્રી જીવન વીમા તથા અકસ્માત વીમા યોજનામાં વર્ષે રૂા. ૩૪૨/-નું પ્રીમિયમ ચૂકવવાથી જરૂરિયાતમંદ પરિવારોને સુરક્ષિત કરી શકાય છે. આ માટે પણ મહાજનશ્રી દ્વારા જરૂરિયાતમંદ પરિવારો માટે જો આ પ્રીમિયમની રકમ ચૂકવવામાં આવે તો તેમાં પણ શ્રી લોહાણા મહાપરિષદ ૫૦ ટકા આર્થિક સહયોગ પૂર્ણ કરશે. સામાજિક સુરક્ષા તેમજ વાત્સલ્ય સમિતિ જરૂરી સંકલન કરી આ યોજનાનો યોગ્ય પ્રચાર-પ્રસાર કરશે તેમજ વધુમાં વધુ મહાજનો થકી મહત્તમ પરિવારો લાભાન્વિત થાય તે માટે સદાય કટિબદ્ધ રહેશે. આ ઉપરાંત મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ પણ દરેક વિભાગના ઉપપ્રમુખશ્રી પોતપોતાના વિસ્તારના મહાજનશ્રીઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી સાથે પરિસંવાદનું આયોજન કરે તેવું જણાવ્યું હતું. માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ તથા યોજનાઓથી સંકલિત મહાજનો તથા સંસ્થાઓ માહિતગાર રહે તે માટે માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ આવી તમામ સંસ્થાઓ તથા મહાજનોના કાર્યાલય પર નિઃશુલ્ક મોકલવું જેને પણ સર્વે ઉપસ્થિત સભ્યોએ બહાલ કરેલ.




આગળના એજન્ડા અનુસાર શિક્ષણ, આરોગ્ય તથા થેલેસેમિયા નાબૂદી માટે માતૃસંસ્થા દ્વારા અપાતી સહાય વિશે શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ સૌને માહિતગાર કર્યા હતા. સાથે સાથે

સહાય સિવાય કારકિર્દી માર્ગદર્શનના સેમીનારો તથા સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે પ્રોત્સાહન આપવા માટે પણ વિગતે અહેવાલ રજૂ કર્યો હતો. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જે ગુજરાતના દૂરના વિસ્તાર કે ગુજરાત બહારથી આવે છે તેમને આવવા-જવાનો મુસાફરી ખર્ચ પણ જરૂર હશે તેવા કિસ્સામાં વ્યક્તિગત રીતે ચૂકવવાની જાહેરાત કરી હતી અને સભાનું અભિવાદન મેળવ્યું હતું. આ ઉપરાંત શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ વિવિધ સંસ્થાઓમાંથી અપાતી સહાય અંગે એક સેન્ટ્રલાઈઝ સોફ્ટવેર સિસ્ટમ બનાવવા પણ સુઝાવ રજૂ કર્યો હતો.



આરોગ્ય સહાય અંગે શ્રી પ્રવિણભાઈ કોટકના પરિવાર દ્વારા પ્રાપ્ત થયેલ ધનરાશિના વ્યાજ અને શ્રી ધર્મેશભાઈ હરિયાણીના સહયોગ સિવાય અન્ય કોઈ દાનનો પ્રવાહ ન હોવાથી આરોગ્ય સહાય માટે જરૂર કરતાં દાનની આવક ઘણી ઓછી હોવાનું મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે જણાવ્યું હતું. આ અંગે મળેલ સૂચનો અંગે ચર્ચા કરતા એવો સૂર નીકળ્યો હતો કે સહાય મેળવીને સારવાર લેતા પરિવારોએ સરકારી, સાર્વજનિક, સમાજસેવી સંસ્થા કે ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્પિટલોમાં જ સારવાર લેવા અગ્રીમતા આપવી જોઈએ અને આવા કિસ્સાઓમાં મહત્તમ સહાય અપાવી જોઈએ. માતૃસંસ્થાના ફંડને ધ્યાનમાં રાખી ખાનગી હોસ્પિટલોમાં લક્ઝુરીયસ અને ખર્ચાળ સારવારના કિસ્સાઓમાં મસમોટી રકમની સહાય માટે આવતી અરજીઓને કોઈ પણ સંજોગોમાં સંતોષ ન આપી શકાય. આરોગ્ય સમિતિની નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા આવા કિસ્સાઓમાં દર્દી ને કે તેના પરિવારને સારવાર માટે યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે પણ અનુરોધ કરવો જોઈએ તેવું મીટીંગમાં સૂચવાયું હતું. આ ઉપરાંત થેલેસેમિયા નાબૂદી અંગે યોજનાઓ જાહેર થયા મુજબ સુવ્યવસ્થિત રીતે ચાલી રહેલ છે અને છેલ્લા વર્ષોના સતત પ્રયત્નોના ફળસ્વરૂપે છેલ્લા બે વર્ષમાં એક પણ થેલેસેમિયા મેજર બાળક જન્મ્યું નથી તેવી જાહેરાત પણ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ.

એજન્ડા અનુસાર દરેક વિભાગના ઉપપ્રમુખશ્રીઓ તથા સ્થાયી સમિતિના વિભાગીય હોદ્દેદારોનું પણ યોગ્ય સંકલન થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને રજૂઆત શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરી હતી અને માતૃસંસ્થાના બેનર હેઠળ સ્થાયી સમિતિઓ દ્વારા આયોજાતા કાર્યક્રમો અંગે સ્થાનિક મહાજન પ્રમુખ તેમજ તે વિસ્તારના માતૃસંસ્થાના હોદ્દેદારશ્રીઓ સાથેનું સંકલન અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાએ પણ અગાઉ યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટથી સૌને માહિતગાર કર્યા હતા અને આગામી માતૃશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરાવવાની હોવાનું જણાવેલ. સાથે સાથે રમતગમત સમિતિ દ્વારા અન્ય રમતોને પણ મહત્ત્વ મળે અને દરેક વિસ્તારમાં મુખ્ય મહાજનોના આપસી સંકલન દ્વારા આવા આયોજનો સમયાંતરે થાય તે માટે પ્રયત્નશીલ રહી યોગ્ય સંકલન કરવા માટે પણ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. રઘુવીર સેનાના સુપ્રિમો અને માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદાર જુનાગઢના શ્રી ગીરીશભાઈ કોટેચાએ પણ રમતગમતની પ્રવૃત્તિઓને વેગ આપવા રઘુવીર સેના દ્વારા થઈ રહેલી પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા અને માતૃસંસ્થાના નેજા હેઠળ આવી પ્રવૃત્તિઓના વ્યાપ માટે રઘુવીર સેના તમામ પ્રકારે સહયોગી બનશે તેવું જણાવ્યું હતું જેને સૌને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી નીતીનભાઈ રાયચુરાએ પણ મહાજનશ્રીઓને આવી સંગઠનાત્મક પ્રવૃત્તિઓથી



માહિતગાર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે પણ તમામ વિભાગીય હોદ્દેદારશ્રીઓને અનુરોધ કર્યો હતો. સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણાએ પણ સૌરાષ્ટ્રમાં ૮૮ મહાજનો સાથે થયેલ સુંદર સંકલનની સૌને માહિતી આપી હતી. વિદર્ભ સહ મધ્યભારત વિભાગના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ માતૃસંસ્થાના તમામ વિભાગીય હોદ્દેદારોને ટીમ સ્વરૂપે રજૂ કરતું સુંદર બ્રોશર રજૂ કર્યું હતું અને માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ ઘર-ઘર સુધી પહોંચે તે માટે તમામ જરૂરી માહિતીનું સંકલન કરી પ્રકાશિત કરવાનું પણ જાહેર કર્યું હતું. માતૃસંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત દાન મળતું રહે તે માટે નાગપુર લોહાણા મહાજનનો દાખલો આપી એક સુંદર યોજના રજૂ કરી હતી જેને સૌએ તાળીઓથી વધાવી હતી અને આ યોજના દરેક વિસ્તારના મહાજનોમાં પણ અમલી થાય તે માટે અપીલ કરી હતી.દક્ષિણ ભારત વિભાગના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણીએ માતૃસંસ્થા સાથે દક્ષિણ ભારતનું સંકલન છેલ્લા બે વર્ષોમાં ખૂબ સુંદર બન્યું અને દક્ષિણ ભારતના શ્રેષ્ઠીઓ અવારનવાર માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત પણ લે છે અને દક્ષિણ ભારતના ૧૧ મુખ્ય મહાજનો માતૃસંસ્થા સાથે મુખ્ય ધારામાં જોડાયા છે તે અંગે ગૌરવ અનુભવ્યું હતું.

મહિલા વિભાગ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિદર્ભ સહ મધ્યભારતના મહિલા અધ્યક્ષા સુ શ્રી શીલાબેન પોપટ તેમજ દક્ષિણ ભારત વિભાગના સુ શ્રી ધીરજબેન પોપટે સૌને માહિતગાર કરી સભાનું અભિવાદન મેળવ્યું હતું.

સમાજમાં વધતા જતા ખર્ચાળ લગ્નોમાં મધ્યમ વર્ગીય પરિવારો આર્થિક સંકડામણ ન અનુભવે તે માટે ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, શ્રી નીતીનભાઈ પાંધી તથા વાત્સલ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢિયા તથા શ્રી જીતુભાઈ પૂજારા દ્વારા આદર્શ લગ્નની પરંપરાને વધુ વ્યાપક બનાવવા તથા પ્રચાર પ્રસાર કરી વધુ ને વધુ પરિવારો લાભ મેળવે તે માટે સૌને અનુરોધ કરાયો હતો.

આ ચિંતન બેઠકમાં માતૃસંસ્થાના સંયુક્ત મંત્રીઓ શ્રી હરીશભાઈ ઠક્કર, સુ શ્રી કાશ્મીરાબેન નથવાણી, સુ શ્રી સોનલબેન ઉનડકટ, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી રમેશભાઈ અનમી, શ્રી ભવાનભાઈ કોટક તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યાલય સમાચાર



શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ સાંજે ૮.૦૦ કલાકે અમદાવાદ સ્થિત સ્થાનિક મહાજનશ્રીઓના પ્રમુખશ્રીઓ તથા શીર્ષ હોદ્દેદારોની એક સંયુક્ત મીટિંગ યોજાઈ. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સૌનું શાબ્દિક સ્વાગત કરી સૌની ઔપચારિક પરિચય વિધિ બાદ માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી અને ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીને સભાનું માર્ગદર્શન કરવા વિનંતી કરી હતી. આગામી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે યોજાનાર મધ્યસ્થ મહાસમિતિની બેઠકના યજમાનપદ માટે એકથી વધારે સંસ્થાઓએ યજમાનપદ માટે ઉત્સાહ બતાવતા તમામ મહાજનશ્રીઓના સંયુક્ત યજમાનપદે આ મીટિંગનું આયોજન કરવાનું નક્કી કરાયું હતું. પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામા અંગે યોગ્ય નિર્ણય લેવા મધ્યસ્થ મહાસમિતિની બેઠક નિર્ધારિત સમય કરતાં લગભગ ત્રણ મહિના વહેલી યોજવાનું જણાવી સૌને અન્ય જરૂરી વિગતોથી માહિતગાર કર્યા હતા.આ અંગે સૌ ઉપસ્થિત સભ્યોએ પોતપોતાના વિચારો પણ રજૂ કર્યા હતા. આ મધ્યસ્થ મહાસમિતિની મીટિંગમાં તમામ મહાજનોએ ઉત્સાહભેર સર્વે પ્રકારના સહયોગની ખાતરી આપી હતી. તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ કર્ણાવતી ક્લબ, એસ.જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાનાર આ મીટિંગ અમદાવાદ સ્થિત મહાજનો શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન અમદાવાદ, શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન, શ્રી થરપારકર લોહાણા મહાજન, શ્રી કચ્છી લોહાણા સમાજ, શ્રી હા.ઘો.ક. લોહાણા મહાજનના સંયુક્ત યજમાનપદે યોજાશે તેવું નક્કી કરી અલ્પાહાર લઈ લગભગ રાત્રે ૧૦.૦૦ કલાકે સૌ છૂટા પડ્યા હતા.



- કાર્યાલય

# વિભાગીય સમાચાર











શ્રી લોહાણા મહાપરિષદના વિદર્ભ સહ મધ્યભારતના વિભાગીય કાર્યાલયનું ઉદ્દઘાટન રવિવાર તા. ૨૬-૮-૨૦૧૮ ના રામદાસપેઠ, નાગપુર મુકામે રાજ્યસભા સાંસદ શ્રી અજય સંચેતીની પ્રમુખ ઉપસ્થિતિમાં ભાગવતાચાર્ય શ્રીરામપંથજી જોષીના હસ્તે પં.શ્રી યોગેશ જોશી દ્વારા પૂજન કરી સંપન્ન થયેલ.

વિભાગીય કાર્યાલયને ભેટ દેતા શ્રી મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલીયા, શ્રી લોહાણા મહાજન નાગપુરના પ્રમુખ શ્રી નલિનભાઈ કાનાબાર, ઉપપ્રમુખ શ્રી રાહુલભાઈ ખખ્ખર, મંત્રી શ્રી ભરતભાઈ નાગ્રેચા, ખજાનચી એડ. સુનિલભાઈ દાવડા, શ્રી અજયભાઈ ખખ્ખર તેમજ શ્રી લોહાણા સેવા મંડળના પ્રમુખ ભાવેશભાઈ પોંદા, ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ સાગલાણી, મંત્રી શ્રી ગિરીશભાઈ સુબા, શ્રી રાજેશભાઈ પોંદા, શ્રી નરેન્દ્રભાઈ નાગ્રેચા, શ્રી રઘુવંશી યુવક મંડળના પ્રમુખ, શ્રી દેવેન્દ્ર પોપટ, મંત્રી શ્રી નિલેશ ચોટાઈ, શ્રી ગુજરાતી સમાજ નાગપુરના પ્રમુખ એડ. રાજેશભાઈ શાહ, મંત્રી શ્રી દિપકભાઈ કલ્યાણી, શ્રી જલારામ સત્સંગ મંડળના સભાપતિ શ્રી રાજેશભાઈ ખખ્ખર, ઉપસભાપતિ શ્રી વિનોદભાઈ નાગ્રેચા, પ્રમુખ શ્રી પ્રકાશભાઈ સુચક, શ્રી મનોહરભાઈ ખખ્ખર, શ્રી વસંતભાઈ સાયાણી, શ્રી નરેશભાઈ વસાણી, શ્રી લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખો શ્રી દામોદરદાસભાઈ લાખાણી, શ્રી ધીરજલાલભાઈ તન્ના, શ્રી મગનભાઈ પંચમતીયા, શ્રી મોહનભાઈ દક્ષિણી, શ્રી માણેકભાઈ ખખ્ખર, શ્રી જીતુભાઈ કારીયા, શ્રી રજનીભાઈ ગરીબા, શ્રી મહેન્દ્રભાઈ ઠક્કર, શ્રી અરવિંદભાઈ બદિયાણી, શ્રી નિતીનભાઈ સોમૈયા, શ્રી લલિતભાઈ દાવડા, શ્રી અજયભાઈ લાખાણી, શ્રી મનિષભાઈ ગંડેચા, શ્રી કમલેશભાઈ લાખાણી, શ્રી ભાવેશભાઈ મજીઠીયા, શ્રી રનજીતભાઈ ઠક્કર, શ્રી હેરેન્દ્ર તન્ના, ડૉ. જયંતીભાઈ ચોટાઈ, ડૉ. કિર્તીભાઈ તન્ના, ડૉ. મહેન્દ્રભાઈ રાજા, ડૉ. ભાવેશ ભુપતાની, શ્રી વિરેન્દ્રભાઈ ઠક્કર, શ્રી બ્રજેશભાઈ રાચ્છ, શ્રી વિજયભાઈ દાવડા, શ્રી અક્ષય વસાણી, શ્રી કરણ દાવડા, શ્રી ભાવિક ઠક્કર, શ્રી સંજય સૂચક, શ્રી કિરીટ જોબનપુત્રા, શ્રી નીતિન વસાણી, શ્રી પ્રભુદાસભાઈ દાવડા, ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શ્રી નિલેશભાઈ સૂચક ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા, યુવા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા, રાષ્ટ્રીય મહિલા સમિતિના પ્રમુખ ડૉ. નિમાબેન આચાર્ય, શ્રી સતિષભાઈ વિઠલાણી તથા મહાપરિષદના ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ભરતભાઈ





દનાણી, મહાપરિષદના ડેપ્યુટી ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ.

અતિથિઓનું સત્કાર વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા, માનદ્‌મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી, રઘુકુળ વિશ્વના સંકલક શ્રી જયપ્રકાશભાઈ વસાણી, જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, વિભાગીય મહિલા ઉપપ્રમુખ શ્રીમતી શીલાબેન પોપટ, વિભાગીય યુવા ઉપપ્રમુખ શ્રી નિલેશભાઈ ગઢિયાએ કરેલ.



વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ મહાપરિષદના કાર્યોની માહિતી પુસ્તિકા તથા શ્રી રઘુકુલ વિશ્વના અંક દરેક અતિથિઓને આપવામાં આવેલ અને જણાવેલ કે આવતા સમયમાં વિદર્ભ સહ મધ્યભારતથી આવતા દર્દીઓ માટે રહેવાની નિઃશુલ્ક વ્યવસ્થા શ્રી હરી નિવાસ, રામદાસ પેઠ, નાગપુરમાં કરવામાં આવશે.

**સંકલન : કમલેશ વસાણી**






## વાત્સલ્ય સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદની કોઈમ્બતુર મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં જાહેર થયા મુજબ તમામ મહાજનશ્રીઓ તથા સ્થાપિત સંસ્થાઓને રૂા. ૫૧૦૦/-ના ટોકન દરે નીચે મુજબની જરૂરિયાતવાળી ચીજવસ્તુઓની મેડિકલ કીટ અર્પણ કરવામાં આવે છે. મહાજનશ્રીએ / સંસ્થાએ આ કીટ મેળવવા માટે લેટરહેડ ઉપર અરજી સાથે રૂા. ૫૧૦૦/- ની રકમનો જે તે મહાજનશ્રી કે સંસ્થાના ખાતામાંથી જ શ્રી લોહાણા મહાપરિષદના નામનો ચેક મોકલવાનો રહેશે. અરજીનું ફોર્મેટ તથા કીટમાં સમાવેલ ચીજવસ્તુઓની વિગતો વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

આ ચીજવસ્તુઓમાં વ્હીલચેર (ઇમ્પોર્ટેડ) ૨ નંગ, એરબેડ ૨ નંગ, કમોડ ચેર (એલ્યુમિનિયમ) ૩ નંગ, વોકર ૨ નંગ, વોકર (વિસ્કો ટાઈપ) ૨ નંગ, સ્ટીક (ચાર પાયાવાળી) ૫ નંગ, સ્ટીક (સીંગલ પાયાવાળા) ૫ નંગ, બેડપેન (પીવીસી) ૫ નંગ, યુરીન પોટ (ટુ ઈન વન) ૫ નંગ, બેક રેસ્ટ (સુપર) ૩ નંગનો સમાવેશ થાય છે.

**- અશોક ગઢિયા, અધ્યક્ષ - વાત્સલ્ય સમિતિ, મો. ૯૭૧ ૨૯૭૯૮૬૪**



**દર્શાવેલ ફોટો પ્રમાણે જે તે ટ્રાન્સપાર્ટમાં મેડિકલ કિટ મોકલવામાં આવે છે.**

# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ

**પાણી બચાવો, જીવન બચાવો**

તા.૩-૯-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના લલિતભાઈ ઠક્કર તથા તેમની ટીમ દ્વારા તુલસીના રોપનું વિતરણ સુરત ખાતે કરવામાં આવેલ.

તા. ૧૧-૯-૧૮ના રોજ પર્યાવરણ સમિતિ, ગુજરાત વિભાગના મંત્રી, નરોત્તમભાઈ ઠક્કર દ્વારા ૨૦૦ જેટલા આયુર્વેદિક વૃક્ષોનું રોપણ હારીજ ખાતે કરવામાં આવેલ.

તા.૧૨-૯-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રીમતી સોનલબેન વસાણી તથા તેમની ટીમ દ્વારા જસદણ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૦-૯-૧૮ ના રોજ હારીજ (ઉત્તર ગુજરાત) ખાતે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી રાજેન્દ્રભાઈ અખાણીના જન્મદિન નિમિત્તે શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રી પ્રફુલભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી રાજુભાઈ ઠક્કર તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગણપતિદાદાની ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ સ્થાપિત કરવાની અપીલ કરવામાં આવેલ તથા તા. ૨૧-૯-૧૮ (ઈન્ટરનેશનલ પીસ ડે) ના દિવસે ''નો હોર્ન ડે'' તરીકે ઉજવવાની અપીલ કરવામાં આવેલ.

તા.૩૦-૯-૧૮ ના રોજ શ્રી મુલુંડ લોહાણા મહાજન દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભમાં, પર્યાવરણ સમિતિના ''સે નો ટુ પ્લાસ્ટિક'' અભિયાન અંતર્ગત પેપર બેગ્સનું વિતરણ, શ્રીમતી વાસંતીબેન ગોકાણી, ઉપાધ્યક્ષ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ, પર્યાવરણ સમિતિ દ્વારા કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિન જોબનપુત્રા દ્વારા સૌને વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવવામાં આવેલ.

**- કિરીટ ભિમાણી, અધ્યક્ષ**











**વૃક્ષમાં વાસુદેવ**
**છોડમાં રણછોડ**

# સંસ્થા સમાચાર

## જેતપુર

જેતપુર લોહાણા મહાજન દ્વારા તા. ૧૨-૮-૨૦૧૮ના રોજ યોજાયેલ શ્રી સરસ્વતી સત્કાર સમારંભ સવારે ૧૦.૦૦ વાગ્યે યોજાયો હતો જેમાં જ્ઞાતિના તેજસ્વી તારલાઓની પ્રતિમા ઉજાગર કરવા માટે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓની શરૂઆત થઈ. ચિત્ર સ્પર્ધા, રંગોળી, એક પાત્રીય અભિનય, એક મીનીટ વેષભુષા, સંગીત ખુરશી જેવી સ્પર્ધામાં આશરે ૧૨૫ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. જેમાંથી ૨૭ સ્પર્ધકોને ઈનામ આપી સન્માનમાં આવ્યા હતા. ત્યારબાદ સાંજના ૪.૦૦ કલાકે રઘુવંશી સમાજના તેજસ્વી તારલાઓને તેઓની શૈક્ષણિક પ્રતિભાને સત્કારવા માટે યોજેલ સરસ્વતી સત્કાર સમારંભની શરૂઆત થઈ. ૧૯૭૪થી યોજાતા આ સમારંભમાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે યોજાયેલ આ સમારંભમાં જ્ઞાતિજનોમાં અનેરો ઉત્સાહ હતો. સર્વે પ્રથમ મા સરસ્વતીની પ્રાર્થના અને દીપ પ્રગટાવીને સમારંભની શુભ શરૂઆત કરવામાં આવી. કુલ ૩૪૮ માર્કશીટ આપેલ તેમાં એલ.કે.જી.થી માંડીને કોલેજની વિવિધ શાખાઓની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની હતી. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદમાંથી મંજૂર થઈને આવેલ કુલ ૪૫ ચેક રૂા. ૮૯,૦૦૦/-નું વિતરણ કરવામાં આવ્યું તેમજ જેતપુર મહાજન દ્વારા મંજુર કરાયેલ ૨૫ ચેક કુલ રૂા. ૧,૨૫,૦૦૦/-નું વિતરણ કરવામાં આવ્યું. આ સમસ્ત સમારંભનું સંચાલન પ્રોજેક્ટ ચેરમેન શ્રી બી.બી. ભીમજીયાણી સાહેબ તથા શ્રી દિપકભાઈ ઉનડકટ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. ચાર કલાક ચાલેલ આ સમારંભના સમાપન બાદ દરેક જ્ઞાતિજન સાથે પ્રસાદ લઈને છૂટા પડેલ.

આ તબક્કે શ્રી લોહાણા મહાજન વતી આ સમારંભને સફળ બનાવવા માટે શ્રી લોહાણા મહાપરિષદના શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી શશીકાંતભાઈ કાનાણી અને જય નાગોરાનો હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ આ સમારંભમાં નાણાંકીય સહાય આપનાર જ્ઞાતિજનોનો પણ ખૂબ ખૂબ આભાર.

**સંકલન : સૂર્યકાંતભાઈ**

## દ્વારકા

શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર, દ્વારકા દ્વારા સમાજઉપયોગી રચનાત્મક પ્રવૃત્તિઓના ભાગરૂપે સમાજના જરૂરીયાતમંદ વર્ગના બહોળા પ્રતિસાદ પ્રાપ્ત થયેલ તેવા માતુશ્રી વિરબાઈમા આદર્શ લગ્નોત્સવ યોજના અંતર્ગત તાજેતરમાં ૨૩૨મો આદર્શ લગ્નોત્સવ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ સાથે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા લગ્નોત્સવમાં બન્ને પક્ષે ૩૫-૩૫ મળી કુલ ૭૦ માણસોનો ભોજન પ્રસાદ યોજનામાં વધારો કરી બન્ને પક્ષે ૫૧-૫૧ મળી કુલ ૧૦૨ વ્યક્તિઓના ભોજનની પ્રથમ અમલી બનાવાઈ હતી. જુલાઈ માસમાં જ ચાર આદર્શ લગ્નો મળી હાલમાં કુલ ૨૩૨ લગ્નોત્સવ પરિપૂર્ણ કરાયેલ છે. માત્ર એક રૂપિયાના ટોકનચાર્જમાં થતાં આ લગ્નોત્સવને સમાજનો ઉમળો પ્રતિસાદ મળ્યો છે. આ લગ્નોત્સવ પ્રસંગે દ્વારકાના અગ્રણી રસીકભાઈ દાવડા, પ્રમુખ દ્વારકા લોહા મહાજન, મનસુખભાઈ બારાઈ, પ્રમુખ ઓખા મંડળ લોહાણા મહાજન, ઈશ્વરભાઈ ઝાખરીયા, પ્રમુખ શિવગંગા ચે.ટ્રસ્ટ, કે.જી. હિંડોચા પ્રમુખ રઘુવંશી શોશિયલ ગ્રુપ - દ્વારકા, અશ્વિનભાઈ ગોકાણી - સેક્રેટરી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારકા, ચેતનભાઈ સાતા - કથાકાર તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં લગ્નોત્સવની સાથે સાથે બાલવાટિકામાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ સંપન્ન કરાયો હતો.

દ્વારકા પંથકમાં વિવિધ સમાજોપયોગી અને રચનાત્મક પ્રવૃત્તિઓથી લોકચાહના પ્રાપ્ત કરનાર શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર, દ્વારકા દ્વારા તાજેતરમાં નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ નોટબુક વિતરણના કાર્યક્રમમાં સ્થાનિક રઘુવંશી અગ્રણીઓ શ્રી ઈશ્વરભાઈ ઝાખરીયા, પ્રમુખ શ્રી શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કે.જી. હિંડોચા, પ્રમુખ શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારકા તથા ટ્રસ્ટી મંડળના સભ્યો શ્રી અનિલભાઈ માવાણી - ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ ઓ. ગોકાણી, શ્રી ટી.જે. સોમૈયા, શ્રી ભૂપતભાઈ બથીયા, શ્રી અશ્વિનભાઈ ગોકાણી તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબ નોટબુક - ચોપડાનું વિતરણ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા સ્ટાફ શ્રી વી.જે. સોમૈયા, શ્રી કાપડીભાઈ વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ. નોટબુક વિતરણમાં મુખ્ય યજમાન અને ડોનર શ્રી પ્રભુદાસભાઈ વિ. કોટેચા પરિવાર, જામનગર રહેલ જેમનો ટ્રસ્ટ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**સંકલન : એ.સી. ગોકાણી**

## દિલ્હી

શ્રી દિલ્હી ગુજરાતી લોહાણા જ્ઞાતિ મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૮-૨૦૧૮ ના રોજ દિલ્હીના શાહ સભાગૃહના ડોરમેન્ટરી હોલમાં મળેલ જેમાં લગભગ ૬૦ સભ્યોની હાજરી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ગીરીશભાઈ પલાણે સર્વે સભ્યોને આવકારી એજન્ડા મુજબ સભાની કાર્યવાહીનો શુભારંભ કરેલ. સંસ્થાના માનદમંત્રી શ્રી કિરીટભાઈ આડતીયાએ ગત વર્ષની સામાન્ય સભાની મીનીટનું વાંચન કરેલ અને ત્યારબાદ આ વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા થયેલ કાર્યની આછી રૂપરેખા રજૂ કરેલ. જેને સામાન્ય સભાએ સર્વાનુમતે પસાર કરેલ. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ નો આવક-જાવક અને સરવૈયાનો હિસાબ અલ્પેશ પૂજારાએ રજૂ કરેલ જેને સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૮-૨૦૧૮ માટે કાર્યવાહક મંડળની ચૂંટણી તથા માનદ ઓડિટરની વરણી માટેની પ્રક્રિયા શરૂ કરતાં ચૂંટણીના કાર્યને સુચારૂરૂપે ચલાવવા શ્રી ભરતભાઈ ઘીયા અને દિનેશભાઈ આડતીયાની ચૂંટણી અધિકારી તરીકે વરણી કરવામાં આવેલ. ચૂંટણી અધિકારીએ સર્વાનુમતે નીચેના ભાઈઓને વર્ષ ૨૦૧૮- ૧૯ માટે ચૂંટાયેલા જાહેર કરેલ જેમાં પ્રમુખ તરીકે શ્રી રાજન આયા, ઉપપ્રમુખ શ્રી યશવંત કક્કડ, મુખ્યમાનદ મંત્રી શ્રી રસિકભાઈ ઠક્કર, સહમંત્રી શ્રી રાકેશ કોટેચા તથા તુલસીભાઈ ગણાત્રા, કોષાધ્યક્ષ શ્રી અલ્પેશ પૂજારા. કાર્યવાહક મંડળના સભ્યો (૧) શ્રી કેતન પોપટ (૨) શ્રી ગીરીશભાઈ બગડાઈ (૩) શ્રી ચિંતન આયા (૪) શ્રી કિરીટ આડતીયા (૫) શ્રી કિશોર પોપટ (૬) શ્રી પ્રકાશ ગાંધી (બદીયાણી) (૭) શ્રી વિજય રૂપારેલિયા (૮) શ્રી રાકેશ રાજાણી (૯) શ્રી ભરતભાઈ ઠક્કર. માનદ ઓડિટર શ્રી કિશોરભાઈ આડતીયા. ચૂંટણીનું કાર્ય સુચારરૂપે ચલાવવા બદલ બન્ને ચૂંટણી અધિકારીઓની મંત્રી શ્રી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ. ત્યારબાદ સહુએ સાથે સ્વાદિષ્ટ પ્રિતી ભોજનનો આનંદ માણી સભા પૂર્ણ થયેલ જાહેર કરેલ.

**સંકલન : નંદલાલ ગઢિયા**

## અમદાવાદ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા તા.૧૧ ઓગસ્ટ, ૨૦૧૮ થી ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ દરમિયાન યાત્રા પ્રવાસનું આયોજન થયું. હવાઈ માર્ગે સૌ સભ્યો અમદાવાદથી બનારસ (કાશી વિશ્વનાથ), ઈલાહાબાદ, ચિત્રકૂટ, અયોધ્યા, છપૈયા તથા લખનઉ થઈ હવાઈ માર્ગે અમદાવાદ પરત ફર્યા હતા. પ્રવાસ દરમિયાન તમામ પ્રકારની સુંદર વ્યવસ્થાઓથી સૌ સભ્યોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પ્રવાસમાં જોડાનાર સૌ સભ્યોનો સુંદર સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને વિશેષમાં તૈયારીના ભાગરૂપે આગોતરી યાત્રામાં સાથે રહી સુંદર સંકલન કરવા બદલ મંત્રી શ્રી મુકેશભાઈ હાલાણી તથા ઉપપ્રમુખ શ્રી હર્ષદભાઈ ઠક્કરને પણ અભિનંદન પાઠવ્યા હતા.

**સંકલન : મુકેશ હાલાણી**

## કોચીન

કેરળ રાજ્યમાં મેઘરાજાનું તાંડવ, સદીનું સૌથી પ્રચંડ વિનાશ વેળાએ રાહત કાર્યમાં કેરળ રાજ્યના કોચીન શહેરમાં સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપાનું ધામ છેલ્લા ૨૦ વર્ષથી પૂજ્ય બાપાની વિચારધારાની જ્યોત પ્રજ્વલિત કરી માનવસેવાના કાર્ય કરતું રહ્યું છે. આજે જ્યારે કેરળ રાજ્યમાં કુદરતી આફત સર્જાયેલ છે ત્યારે શ્રી જલારામ ધામ ટ્રસ્ટ મંડળે નિઃસ્વાર્થપણે ધર્મ જાતિના ભેદભાવ વિના સંપૂર્ણ નિષ્ઠા સાથે છેલ્લા છ (૬) દિવસથી ૧૦૦૦૦ પરિવારોને રૂબરૂ મળીને તેમના માટે જમવાનું પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી ગુજરાતી અસ્મિતાનો પરિચય આપેલ છે. કેરળમાં આશરે સાત લાખ પચીસ હજાર પરિવારોએ રાહત કેન્દ્રમાં આશ્રય લીધેલ છે અને લગભગ ૭૫ હજાર મકાનો ભૂમિગ્રસ્ત થયેલ છે. આવી આફત વેળાએ શ્રી જલારામ ધામ ટ્રસ્ટ દ્વારા નેવીના ઓફિસરો સાથે સમન્વય કરી હેલિકોપ્ટર દ્વારા ખાદ્ય પદાર્થો તથા અન્ય જીવન જરૂરિયાત વસ્તુઓ પહોંચાડવાનું કાર્ય હાથ ધરેલ. આ કાર્યમાં શ્રી જલારામ ધામના ટ્રસ્ટ તથા અન્ય ભક્ત મંડળ સહ પરિવાર તન, મન અને ધનથી યોગદાન આપી કવિ નર્મદની કહેવત ''જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત'' ને સિધ્ધ કરેલ છે.

વધુ માહિતી માટે શ્રી જલારામ ધામની વેબસાઈટ www.jalaramcochin.com ની મુલાકાત લઈ શકો છો.

## વડોદરા

શ્રી રઘુવંશી લોહાણા મહાજન, વડોદરાના સમાચાર સમાજના ઉચ્ચ ગુણાંકથી સફળતા મેળવનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાના કાર્યક્રમ ''સરસ્વતી સન્માન ૨૦૧૮''નું આયોજન તા. ૧૫-૯-૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. એમાં ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામો / ટ્રોફી એનાયત કરવામાં આવેલ. સાથે સાથે ડૉ. જિતેન્દ્ર અઢિયાનો માઈન્ડ ડેવલપમેન્ટનો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ.

**સંકલન : રમણીક જોબનપુત્રા**

## ગાંધીનગર

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે રાત્રે ૮.૩૦ કલાકથી લોહાણા યુવા સંગઠન દ્વારા ભવ્ય રાસ ગરબા તેમજ મટકીફોડનું આયોજન કરવામાં આવેલ સાથે બાળસ્વરૂપ કાનુડાઓનું નિદર્શન કરાયેલ તેમજ નિજમંદિરમાં શ્રી જલારામ સેવા સમાજ દ્વારા રાત્રે ૧૧.૪૫ કલાકથી શ્રી કૃષ્ણ જન્મોત્સવ મહા આરતી તેમજ ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ખેલૈયાઓ સાથે ભાવિક ભક્તો ભક્તિભાવપૂર્વક ઉપસ્થિત રહેલ. ઉત્કૃષ્ટ ખેલૈયાઓને સંસ્થા દ્વારા ઈનામો અર્પણ કરાયેલ. આ પ્રસંગે લોહાણા મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ફિલ્મ કલાકાર રાકેશભાઈ પૂજારા અને શ્રી જનકભાઈ ઠક્કર ઉપસ્થિત રહેલ. જેમનું અભિવાદન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માસ્ટર એન્કર વિનોદભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગને સફળ બનાવવા શ્રી જલારામ સેવા સમાજ અને લોહાણા યુવા સંગઠનના પ્રમુખ તેમજ સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

## કોઠારા

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટનો ચૌદમો સરસ્વતી સન્માન સમારંભ હરિરામ મોનજી ચગસોતા (નાંદેડવાલા) ના પ્રમુખસ્થાને યોજાઈ ગયેલ. સમારંભની શરૂઆત પૂ.જશરાજદાદાની આરતીથી કરવામાં આવેલ. સરસ્વતી સન્માન સમારંભની શરૂઆત ઈનામ વિતરણના દાતાઓશ્રી પંકજભાઈ પલણ, સમારંભના પ્રમુખશ્રી તથા કોઠારા લોહાણા મહાજનના શંભુભાઈ કતિરા અને અતિથિ વિશેષ શ્રીઓ પ્રતાપભાઈ વી. ઠક્કર મહારાષ્ટ્ર અને લોહાણા મહાજનના સ્થાનિક પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલાં દિવંગત ચાર વડીલો અને ઈનામ વિતરણના કાયમી દાતાશ્રી રતનશીભાઈ રૂખાણાને યાદ કરી શ્રધ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી છગનલાલ કતિરા, શ્રી વસંત ચંદે, શ્રી કાન્તીભાઈ ધીરાવાણી, શ્રી વલ્લભદાસ ભગદે, શ્રી હરેશભાઈ, શ્રી ભરતભાઈ મોટનપુત્રા તેમજ મુંબઈથી પધારેલ મહેમાનો ખાસ હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન અને પ્રસંગ પરિચય સંસ્થાના સહમંત્રી શ્રી તુલસીદાસ ધીરાવાણીએ કર્યું હતું. ગત છેલ્લા બે વર્ષથી શરૂ કરવામાં આવેલ વયવંદના કાર્યક્રમ હેઠળ જ્ઞાતિના ૧૮ જેટલા વડીલોનું માળા અને શાલથી સન્માન સુરેશ અનમ, ગોરધનદાસ ભગદે, કિશોર ભગદે, નિતિન રૂપારેલ વગેરે કર્યું હતું. મહેમાનો અને વિદ્યાર્થી પ્રવચન વૈદેહી ઠક્કર, દિક્ષિતા અનમ અને સાક્ષી રાયચન્નાએ કર્યું હતું. મુંબઈથી પધારેલ મહેમાનોનું શાલથી સ્વાગત મોહનભાઈ કતિરા, પ્રકાશ કતિરા, હર્ષદ કેશરિયા, ભરત ચગસોતા વગેરેએ કર્યું હતું. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અને સ્થાનિક મહાજનના ફાળાથી ૯ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચેક મહેમાનો ભરત મોજાર, પ્રતાપભાઈ પુંજાણી, જાદવજીભાઈ ઠક્કર, રમી શેઠના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના ૯૧ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે તેમજ આશ્વાસન ઈનામો દાતાશ્રીઓ શંકરભાઈ મડૈયાર, સ્વ.રતનશીભાઈ રૂખાણા અને દિપકભાઈ અરોરા તરફથી આપવામાં આવ્યા હતા. માતૃશ્રી મણિબાઈ મંગલદાસ પલણ પરિવાર, હસ્તે પંકજભાઈ અને અતુલભાઈ તરફથી સમાજના દરેક વિદ્યાર્થીઓને કંપાસપેટી અને બોલપેનના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઈનામોનું વિતરણ મુરજીભાઈ મામોટિયા, ભરત ગેસોતાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમની વ્યવસ્થા તથા આયોજન સંસ્થાના પ્રમુખશ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ શ્રી આશિષ ધીરાવાણી, મીર ધીરાવાણી, વિવેક ધીરાવાણી, જયમીન સ્વાર, ઓમ ધીરાવાણી, સત્યમ ધીરાવાણી વગેરે સંભાળી હતી. ભાવેશ સોનાઘેલા અને હિમાંશુ ગિસોતા કાર્યક્રમમાં વિશેષ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ ભગદે અને તુલસીદાસ ધીરાવાણી ''દાસ''એ પોતાની કચ્છી શૈલીમાં સંભાળી ખુશ કર્યા હતા.

## જામનગર

શ્રી લોહાણા મહિલા સેવા સમાજના ઉપક્રમે સ્વ.શેઠશ્રી કાકુભાઈ જમનાદાસ તન્ના ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)ના આર્થિક સહયોગથી વિદ્યાર્થી સ્કોલરશીપ વિતરણ સમારોહ તથા સિલાઈ મશીન વિતરણનો કાર્યક્રમ શ્રી જામનગર લોહાણા મહાજન વાડી, જામનગરમાં ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના પ્રમુખસ્થાને તા. ૨૩-૯-૨૦૧૮ ને રવિવારના રોજ યોજવામાં આવેલ. મંચ ઉપર અતિથિ વિશેષ તરીકે શ્રી જામનગર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ લાલ, નોબત દૈનિકના તંત્રી શ્રી પ્રદિપભાઈ માધવાણી, પ્રમુખ શ્રી ભાજપ, શ્રી હસમુખભાઈ હિંડોચા તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી સુલોચનાબેન તન્ના સ્થાન લીધેલ.

**સંકલન : સુલોચનાબેન તન્ના**

## મુંબઈ

વીર દાદા જશરાજ મંડળ - મુલુંડ મુંબઈ દ્વારા ગુરૂવાર તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ લોનાવાલા - વાશી (નવી મુંબઈ) બે બસો દ્વારા એક દીવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૬.૩૦ કલાકે અંબાજી ધામ મંદિરમાં જસરાજ દાદાની મૂર્તિ સમીપ પ્રમુખ શ્રી જગજીવનભાઈ તન્ના, ઉપપ્રમુક શ્રી દેવેન્દ્રભાઈ અનમ, મહામંત્રી લાલજી સર અને અન્યો દ્વારા આરતી ઉતાર્યા બાદ એક બસમાં અરૂભાઈ ભીંડિના સુપુત્રી શીતલ બારૂ અને બીજી બસમાં જગજીવનભાઈ તન્નાના સુપુત્રી ભાવના ઠક્કર દ્વારા જસરાજ દાદાની છબી સમક્ષ શ્રીફળ વધેરી યાત્રા પ્રવાસનો શુભારંભ થયો હતો. હીરાલાલભાઈ મૃગ દ્વારા પ્રસાદી બોક્ષ અને શ્રી અરુણભાઈ ભીડિ દ્વારા અખરોટના મોટા પેકેટ બધાને આપવામાં આવ્યા હતા. નવી મુંબઈ - વાશી સ્થળે અમેરિકાથી પરત આવેલ સ્વામિનારાયણ મંદિરના રાજકોટ ગુરૂકુળ સંપ્રદાયના સંત શ્રી નારાયણ સ્વામી તેમજ સહયોગી મુકુંદ સ્વામીના આશીર્વાદ મેળવી પદાધિકારીઓએ સંતો પાસેથી બહુમાન સ્વીકાર કર્યું હતું. આ પ્રસંગે નવી મુંબઈના નગરસેવકો શશીકાંત રાઉત, પ્રકાશ મોરે, પ્રભાગ અધિકારી, વિઠ્ઠલ ધુમાલ તેમજ આ યાત્રા પ્રવાસથી ભાવવિભોર બનેલા. **સંકલન : લાલજી સર કતીરા**

## ડીસા

શ્રી રઘુવંશી દેશી લોહાણા મહાજન ડીસા દ્વારા તા. ૯-૯-૨૦૧૮ ને રવિવારના રોજ સરસ્વતિ સન્માન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના ૧૬૦ બાળકોને વિદ્યાપુરસ્કાર અને ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને સમાજના નાના બાળકો દ્વારા અલગ અલગ નૃત્ય, ગરબા રજૂ કરવામાં આવ્યા હતા જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આવા સુંદર કાર્યક્રમથી બાળકોને ઉત્સાહ અને પ્રોત્સાહન મળી રહે તેમજ સમાજમાં એકતા જળવાઈ રહે તેવા સમાજ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને સમગ્ર દેશી સમાજના જ્ઞાતિબંધુઓએ સાથે ભોજન પ્રસાદ લીધો હતો. આ પ્રસંગ શ્રી કનુભાઈ આચાર્યના અધ્યક્ષસ્થાને યોજાયો હતો અને સર્વે શ્રી ભગવાનભાઈ બંધુ, કનુભાઈ આચાર્ય, અમરતલાલ, જેન્તીબાપા, રમેશભાઈ અખાણી, નટુભાઈ મયુર સર્વેએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દેશી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રજનીભાઈ કુંવરવાળા, મંત્રી શઅરી દિનેશભાઈ દીપ, અતુલભાઈ, નિલેશભાઈ, બાબુભાઈ પ્રાઈમ, દેવચંદભાઈ અને પ્રગતિ યુવક મંડળના પ્રમુખ રજનીભાઈ માંડવીવાળા, પ્રકાશભાઈ, ધવલભાઈ, ગૌરાંગભાઈ, રવિભાઈ, જગદીશભાઈ, નિરંજનભાઈ સર્વેએ સુંદર કામગીરી કરી વ્યવસ્થા જાળવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ભગવાનભાઈ બંધુ, પરેશભાઈ જીવરાણી તથા હનીબેન ઠક્કરે કર્યું હતું. **સંકલન : રજનીભાઈ ઠક્કર**

## ગાંધીધામ

શ્રી ગાંધીધામ લોહાણા મહાજન દ્વારા તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ પંડિત દિનદયાળ હોલ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો.૧ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમુખ શ્રી કાંતિભાઈ ફૂલચંદભાઈ આચાર્ય અને સમગ્ર ટીમના સહયોગથી કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા મળી હતી. આ કાર્યક્રમમાં જાણીતા ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ શુક્લ, ભૂજ વિસ્તારના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, રેડક્રોસ ગુજરાતના ચેરમેન ડૉ. ભાવેશભાઈ આચાર્ય, શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ગીરીશભાઈ ઠક્કર, શ્રી થરપારકર ચોવીસી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ આઈ. રૂપારેલ, શ્રી ભચાઉ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ સી. ઠક્કર તથા શ્રી આદિપુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નિહાલભાઈ આહિયા તથા અન્ય સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. **સંકલન : શંકરભાઈ દક્ષિણી**

## અમદાવાદ

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદના યજમાન પદે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરેલ છે. પૂ. કૃષ્ણશંકર દાદાજીની ચેતનવંતી ભૂમિ એવી ભાગવત વિદ્યાપીઠ સોલાના પ્રાંગણમાં આ સમૂહલગ્ન યોજાશે, તેમજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નિર્મિત શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવનમાં ઉતારા વ્યવસ્થાનું આયોજન કરેલ છે. આપ સૌને આ સમૂહલગ્નમાં તન, મન અને ધનથી જોડાવા માટે નમ્ર અપીલ. સમૂહલગ્ન નોંધાવવા માટે તથા અન્ય પૂછપરછ માટે શ્રી ગિરીશભાઈ રૈયા (મો.૯૮૨૫૨૧૦૨૧૧), શ્રી હિમાંશુભાઈ ઠક્કર (મો.૯૮૭૯૩૦૧૦૦૪), શ્રી નવિનભાઈ ઠક્કર (મો.૯૯૦૯૫૨૫૫૭૮), શ્રી મુકેશભાઈ હાલાણી (મો.૯૩૨૮૦૩૮૫૦૦), શ્રી જયંતિલાલ રતાણી (મો.૯૯૨૫૭૩૩૮૮૮) સંપર્ક કરવા વિનંતી. **સંકલન : એચ. એલ. ઠક્કર**

# શાબાશ રઘુવંશી



ઈ.સ. ૧૯૬૫થી કાર્યરત શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનની તા.૨૫ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલા મુકામે યોજાયેલી સાધારણ સભામાં સંસ્થાના પ્રમુખપદે શ્રી ગીરીશભાઈ છોટાલાલ રૈયાની સર્વાનુમતે નિમણૂંક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન... અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થા ૪૦ જેટલા કચ્છ વાગડ લોહાણા મહાજનોની વડી સંસ્થા છે અને લગભગ ૭૦૦૦ જેટલા વાગડ લોહાણા પરિવારોનું સીધું નેતૃત્વ કરે છે



રઘુવીર બિલ્ડર્સ પ્રા.લિ.ના આદ્યસ્થાપક કર્મયોગી સમાજ સેવક સદાય હસમુખા એવા શ્રી હસમુખભાઈ પી. કારીયાના પૌત્ર અને રઘુવીર બિલ્ડર્સ વ્યસ્ત વ્યવસાયના કારોબાર સંભાળતા શ્રી પરેશભાઈ એચ. કારીયાના સુપુત્ર ચિ. ભાઈશ્રી ફાલ્ગુને કલકત્તા રઘુવંશી ફોરમ અને યુથવીંગ કલકત્તા દ્વારા આયોજીત ''રઘુવંશી પ્રીમીયર લીગ-૨૦૧૮''નું સુંદર સફળ આયોજન ૮ સ્ટાર ટીમો વચ્ચે એક સ્પર્ધા થઈ હતી.

ચિ. ફાલ્ગુને રમતગમત પ્રેમીઓના રોમાંચનું એપીસેન્ટર કલકત્તામાં સંદિપ રાજાની ટીમમાં એ બ્રીફ હીસ્ટ્રી એન્ડ ઈન્ટ્રોડક્શન ટુ ક્રિકેટ સ્પોર્ટસમાં ૧૨ બોલમાં ૪૪ રન ફટકારી પોતાનું પરફોર્મન્સ બતાવી ટીમને વિજય અપાવ્યો તે બદલ માતૃસંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન...



ધી ગુજરાત અર્બન કો.ઓપ.બેન્કસ ફેડરેશન, અમદાવાદ તરફથી બેસ્ટ સહકારી બેન્કોના પરફોર્મન્સના આધારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી, નાયબ મુખ્યમંત્રી શ્રી, સહકાર મંત્રી શ્રી તથા ગુજરાત સહકારી બેન્કોના પ્રતિનિધઈઓના બહોળા સમુદાય વચ્ચે ધી જામનગર પીપલ્સ કો.ઓપ.બેન્ક લી.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી વિનુભાઈ તન્ના ''GROSS N.P.A. ''નો એવોર્ડ - ૨૦૧૮નો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. જે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખૂબ ખૂબ અભિનંદન...




ગુજરાતી ભાષાની ગરિમા જળવાઈ રહે એવા આશયથી શરૂ કરવામાં આવેલ 'સર્જનહાર' ગુજરાતી માસિકે ગયા વર્ષે તેની દસમી વર્ષગાંઠ ઉજવી. સર્જનહારના મુખપૃષ્ઠને દર વર્ષે અલગ અલગ રીતે શણગારવામાં આવે છે જેમાં અત્યાર સુધીમાં શ્રી કૃષ્ણ ભગવાન, શ્રી ગણપતિબાપા, શ્રીનાથજી, શ્રી બાલકૃષ્ણ, શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી જલારામ બાપા વગેરેને સુંદર અને અલગ રીતે શણગારવામાં આવ્યા છે જે બદલ તેને ૧૦ વર્ષમાં ૧૦ એવોર્ડ પણ પ્રાપ્ત કર્યા છે. સર્જનહાર દિવાળી વિશેષાંક- ૨૦૧૭ ને Unique world record, Golden Book of Record અને India Book of Record માં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આમ ૧૩ એવોર્ડનું બહુમાન મેળવનાર એકમાત્ર ગુજરાતી માસિક 'સર્જનહારે' વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો છે. ઉત્તમ સર્જન બદલ સર્જનહારને માતૃસંસ્થાના ખૂબ ખૂબ અભિનંદન....

# જાહેર નિવેદન / ઠરાવ

સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સમર્પિત રીતે કટિબધ્ધતાપૂર્વક કાર્યરત છે ત્યારે લોહાણા સમાજનાં કેટલાક નાસમજ અને અસંતુષ્ટ તેમજ વિઘ્નસંતોષી સભ્યો દ્વારા ખૂબ સભાનપણે નાના-નાના અખબારોને ઈરાદાપૂર્વક હાથો બનાવી તેમજ ગેરમાર્ગે દોરી સસ્તી પ્રસિદ્ધિનાં હેતુસર વિનાકારણ બીનજરૂરી વિવાદો ઉપસ્થિત કરી ચોક્કસ જાતજાતના બેબુનિયાદ આક્ષેપો કરી અખબાર, વોટ્સઅપ, ફેસબુક અને અન્ય સોશિયલ મિડિયાના માધ્યમો દ્વારા સમાજનું વાતાવરણ ડહોળવાના ને સમાજના સભ્યોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસોને તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮ ને રવિવારના રોજ કર્ણાવતી ક્લબ, અમદાવાદ મુકામે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકે સર્વાનુમતે સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ગરિમાને લાંછન લગાડવા વિવિધ વિષયો ઉપર વાહિયાત આક્ષેપો કરી સમાજને ગેરમાર્ગે દોરવાનાં વ્યર્થ પ્રયત્નને જાકારો આપવા પ્રસ્તાવિત થયેલા ઠરાવને સમાજશ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ વાંચન કરેલ જેને સમગ્ર સભાએ બહાલ કરેલ.

**ઠરાવ-૧ : "રઘુવંશીઓના સંગઠનના ભેખધારી, લાડીલા અને આદરણીય પ્રમુખ શ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટક પર અશોભનીય અને અસત્યથી ભરપૂર કરવામાં આવેલ વ્યાપક પ્રચારથી વ્યથિત થઈ આપેલ રાજીનામાનો આદરપૂર્વક અસ્વીકાર કરે છે અને માનનીય શ્રી પ્રવિણભાઈને તેમનું રાજીનામું પાછું ખેંચી યથાવત્ પ્રમુખપદે ચાલુ રહેવા પ્રેમપૂર્વક વિનંતી કરે છે."**

**ઠરાવ-૨ :** માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની આજની એટલે કે તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮ ની સભા સર્વાનુમતે ઠરાવે છે કે, **"સમગ્ર રઘુવંશીઓની આસ્થા સમાન સમાજ અને વિશ્વભરનાં મહાજનો, સંસ્થા, છાત્રાલયોનું નેતૃત્વ કરતી સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કાર્યશૈલી, પ્રમુખ તથા તેમની ટીમ પર ખૂબ સભાનપણે કેટલાક અસંતુષ્ટ અને નાસમજ સભ્યો દ્વારા નાના નાના અખબારોને માધ્યમ બનાવી રઘુવંશીઓની ગરિમાને લાંછન લગાડવાના હેતુપૂર્વક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેને મધ્યસ્થ મહાસમિતિ આક્રોશપૂર્વક વખોડી કાઢે છે અને વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોઈ પણ વ્યક્તિ, અખબાર કે સંસ્થા દ્વારા જો આવી કોઈ નકારાત્મક, ટીકાત્મક અને સમાજને ખંડિત કરનારી વાતો સોશિયલ મિડિયામાં આવે તો તેને તરત જ ડીલીટ કરવી, આવા ગ્રુપોના ગ્રુપ એડમિનને આવા સભ્યને તરત જ ગ્રુપમાંથી દૂર કરવો અને જો આવા ગ્રૂપમાં કોઈ નકારાત્મક વાતો આવે તેને અથવા આપણે તેના સભ્ય હોઈએ તો દૂર થઈ જવું. આવા સભ્યોનો સામાજિક બહિષ્કાર કરવો, કોઈપણ રઘુવંશી દ્વારા આર્થિક સહયોગ ના આપવો કે એમના પરિવારના સભ્યો સાથે કોઈ પણ પ્રકારના વ્યવહાર કે સંબંધથી ન જોડાવું. આવા સભ્યોને જબરદસ્ત જાકારો આપવો. જે સભ્ય કે તત્ત્વ દ્વારા સમાજને લાંછન લાગે તેવી કોઈ પ્રવૃત્તિ થાય તો તે જે તે મહાજન કે વિસ્તારના શ્રેષ્ઠીઓએ આવી વાતને યોગ્ય રીતે ત્યાં જ ડામવી. આવા સભ્યો કે તત્ત્વોને રઘુવંશી કહેવડાવવાનો કોઈ અધિકાર નથી તેઓ રઘુવંશીના નામે કલંક છે. દરેક વિભાગમાં જે તે વિસ્તારના બે અનુભવી વડીલો, બે જ્ઞાતિ સામાયિકના પત્રકારો તથા એક સર્વસ્વીકૃત સમાજશ્રેષ્ઠી એમ પાંચ સભ્યોની (Action Commitee) એક્શન કમીટીની નિમણૂંક કરવી તેની ઉપર Steering Commitee કે આ પ્રકારે નીમાયેલ Action Commitee ને સમજાવટથી સુધારવા કે ન માને તો આવા તત્ત્વોને ડામવા માટે સર્વ પ્રકારનાં પગલાં લેવા દિવાની, કાયદાકીય તેમજ ફોજદારી રાહે તમામ અધિકાર આજની મધ્યસ્થ મહાસમિતિ સત્તા પ્રમુખશ્રીને આપે છે. આ તમામ વિભાગીય સમિતિઓની ઉપર સ્ટીયરીંગ કમિટીમાં પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, સમાજશ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી તથા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક (હોદ્દાની રૂએ) માર્ગદર્શકની ભૂમિકામાં રહેશે. આવી સ્થાનિક Action Commiteeની પોતપોતાના વિભાગ માટે નિમણૂંક કરવાનો અધિકાર દરેક વિભાગીય ઉપપ્રમુખને આપે છે."** આગામી દિવસોમાં (જો મૂંઝવણ હોય તો પસંદગીના વિકલ્પો સાથે) આવા સભ્યોના નામ પ્રમુખશ્રીને સંબોધીને મધ્યસ્થ કાર્યાલય પર મોકલી આપવા જે આગામી રઘુકુળ વિશ્વમાં પ્રકાશિત કરવામાં આવશે.

## વિશેષ અભિનંદન :

**છેલ્લા કેટલાય મહિનાઓથી માતૃસંસ્થાના શીર્ષ હોદ્દેદારો ઉપર નાસમજ સભ્યો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચારિત્ર્ય, નાણાંકીય તથા વહીવટી આક્ષેપો કરી માતૃસંસ્થાની અને વ્યક્તિગત ગરિમાને લાંછન લાગે તે રીતે અને સત્યથી સંપૂર્ણ વેગળા થઈ રહેલા દુષપ્રચારને સંપૂર્ણ રીતે નજરઅંદાજ કરી જ્ઞાતિ સેવામાં સહયોગી બનનાર (અપવાદ સિવાય) સંપૂર્ણ અખબારી આલમ, જ્ઞાતિ સામાયિકોના સંચાલકો અને મીડિયા સાથે સંકળાયેલા મિત્રોને આભાર સહ અભિનંદન.**

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th October, 2018



# શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૪૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

**રૂમ ચાર્જ : ૯૫૦/- અને તેથી વધુ**

**બેંક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ તથા કોમન પ્લોટ**

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : મધુકર મજીઠીયા, મો. 8238256700

**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)